# Telephone Conversation between Prime Minister and H.E. Ursula Von Der Leyen, President of the European Commission

March 24, 2020

## વડાપ્રધાન અને યુરોપીયન કમિશનનાં પ્રમુખ મહામહિમ શ્રી ઉર્સુલા વોન ડેર લેયેન વચ્ચે ટેલીફોન પર વાતચીત

માર્ચ 24, 2020

આજે વડાપ્રધાને યુરોપીયન કમિશનનાં પ્રમુખ મહામહિમ શ્રી ઉર્સુલા વોન ડેર લેયેન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારીનાં સંદર્ભમાં વૈશ્વિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાને કોવિડ-19 ને કારણે યુરોપીયન યુનિયનમાં ગુમાવવા પડેલા માનવજીવન પર દિલાસો વ્યક્ત કર્યો હતો. તેઓએ આ મહામારી સામે લડવા માટે તમામ દેશો વચ્ચે સંકલન અને સહકારની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને કોરોનાનાં ચેપને કાબુમાં લેવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલાઓ પર પણ વાત કરી હતી.

શ્રીમતિ વોન ડેર લેયેને જણાવ્યું હતું કે વહેલા પગલાઓ લેવામાં વડાપ્રધાનની આગેવાની ભારતમાં આ રોગનાં ઝડપી ફેલાવાને અટકાવવા માટે મહત્વપૂર્ણ છે. તેણીએ આ પરિસ્થિતિમાં ભારતમાં યુરોપીયન નાગરિકોને પ્રદાન કરવામાં આવતી સહાય માટે પણ પ્રશંસા કરી હતી.

શ્રીમતિ વોન ડેર લેયેને દવાઓ અને રસી વિકસાવવા માટેનાં સંકલિત પ્રયાસો સહિત જીવનજરૂરી વસ્તુઓનાં એકધારા પૂરવઠાને જાળવી રાખવાની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

બન્ને નેતાઓએ જી-20 ફ્રેમવર્કની અંદર સંભવિત સહકાર પર, અને આ સંદર્ભમાં આગામી વિડીયો-કોન્ફરન્સ પર ચર્ચા કરી હતી.

**નવી દિલ્હી**
**માર્ચ 24, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.